# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૪ 16202 તા.૨૮/૧૧/૨૦૨૪ 2/12

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ

સુરત.જિ.સુરત

આ સાથે સામેલ પરિપત્રનો આપની કક્ષાએ યોગ્ય અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત.જિ.સુરત

બિડાણ :- ઉક્ત પરિપત્રની નકલ

ટેલી.નં : ૦૨૬૧-૨૯૧૩૮૨૦/૯૪૨૬૮૦૨૮૨૦
Email:adswro-zsbsrt@guajarat.gov.in

જસકસ/ર૩૬/સકછ/સુરત/૨૦૨૪/1519
જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી
ગૌરવ સેનાની ભવન,
અભિનંદન રેસીડેન્સી ની પાછળ
સરથાણા, સુરત ૩૯૫૦૧૩

તારીખ : 21 નવેમ્બર ૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી,
ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઇન્સ, સુરત-૩૯૫૦૦૧

**વિષય : <u>પૂર્વ સૈનિકો અને સ્વ. પૂર્વ સૈનિકોના ધર્મપત્નિઓના સંતાનો માટે સુરત ખાતે નવનિર્મિત ગૌરવ સેનાની કુમાર છાત્રાલયમાં એડમીશન લેવા બાબત</u>**

સંદર્ભ : અત્રેની કચેરીના તા. ૨૪/૦૪/૨૦૨૪ નો પત્ર ક્રમાંક: જસકસ/ર૩૬/સકછ/સુરત/૨૦૨૪.

શ્રીમાન,

૧. ઉપરોક્ત વિષય અન્વયે સવિનય જણાવવાનુ કે, પૂર્વ સૈનિકો અને સ્વ. પૂર્વ સૈનિકોના ધર્મપત્નિઓના સંતાનો કે જેઓ સુરત ખાતે આવેલ શૈક્ષણીક સંસ્થાઓમાં ધોરણ ૮ કે તેથી ઉપરના ધોરણમાં રેગ્યુલર વિધાર્થી તરીકે અભ્યાસ કરતા હોય તેમને રહેવા અને જમવા માટે અત્રેની કચેરી હસ્તકના ગૌરવા સેનાની ભવન ખાતે નવનિર્મિત સૈનિક કુમાર છાત્રાલય કાર્યરત થઇ ગયેલ છે. આપશ્રીના કાર્યક્ષેત્ર હેઠળ આવતા જિલ્લાઓમાં વસવાટ કરતા પૂર્વ સૈનિકો, સ્વ. પૂર્વ સૈનિકોના ધર્મપત્નિઓ અને પૂર્વ સૈનિક મંડળોને આ છાત્રાલયમાં એડમીશન મેળવવા માટેની માહિતીની બહોળી પ્રસિધ્ધી કરવા અત્રેથી વિનંતી છે.

૨. વધુમાં આ છાત્રાલયમાં એડમીશન મેળવવા ઇચ્છુક માતા-પિતાએ અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક કરી નુમુના મુજબના એડમીશન ફોર્મ મેળવી ને સત્વરે જમા કરવા તેમજ વધુ વિગત માટે ટેલિફોન નંબર ૦૨૬૧-૨૯૧૩૮૨૦/૯૪૨૬૮૦૨૮૨૦ ઉપર સંપર્ક કરવા જણાવવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(દિવ્યેશ કુમાર સી. મુરલીવાલા)
મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અને
પુનર્વસવાટ અધિકારી, સુરત

<u>નકલ સવિનય રવાના :-</u>
નિયામકશ્રી,
સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ,
ગુજરાત રાજ્ય, ગૌરવ સેનાની ભવન,
શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત
આવક નંબર : 21-2
તા. :
6604
26/11
સહી :-